ગાંધીનગર સમાચાર
તા. ૭-૯-૨૦૧૩, શનિવાર

**તંત્રી સ્થાનેથી.....**

# બંધના એલાનને બંધ કરાવવાનો સમય આવી પહોંચ્યો છે

ગુજરાત બંધના એલાનને મિશ્ર પ્રતિભાવના અહેવાલો રાજ્યભરમાંથી પ્રાપ્ત થઈ રહ્યા છે. બંધ સફળ રહ્યાનો દાવો કોંગ્રેસ કરે અને બંધ નિષ્ફળ રહ્યાનો દાવો ભાજપ કરે આ સ્વાભાવિક ક્રમ છે. હજુ આઝાદીના છ દાયકા બાદ પણ બંધના એલાનનો હેતુ શુ હોઈ શકે એ પ્રજા પામી શકી નથી. કોંગ્રેસ હોય, ભાજપ હોય કે ત્રીજો મોરચો હોય. બંધના એલાન દ્વારા શુ સંદેશ આપવા માંગે છે અથવા એની અસર શુ એનાથી પરિણામ સુધી પહોંચી શકાય કે કેમ એ બધા જ સવાલો આજે અકબંધ છે. રાજકીય રોટલીઓ શેકવા માટે અપાતા બંધના એલાનને પ્રજા સાથે કોઈ સ્નાન સુતકનો સંબંધ નથી હોતો. બદલાતા સમયના પ્રવાહોમાં જીવનશૈલી ગતિશીલ બનતી જાય છે ત્યારે કોઈને પણ એકાદ કલાક વ્યર્થ જવા દેવાય તેમ નથી. મધ્યમ વર્ગીય સમાજમાં એક દિવસ કે અડધો દિવસનો વ્યાપાર વ્યવસાય બંધ વ્યક્તિગત જીવનથી લઈ સામાજિક જીવન પર કેટલી આર્થિક અસરો ઉભી કરે છે એની ખબર તો ભોગવનારને જ હોય છે.

બંધનું એલાન આપવુ સહેલુ છે, અમલ અશક્ય છે. કારણ કે કોઈના માટે કોઈ વેપાર ધંધો શા માટે બંધ રાખે. કોઈ રાજકીય કારણોસર શિક્ષણકાર્ય કેમ બંધ રાખવુ જોઈએ. કોઈ એક પક્ષની માન્યતા કે વિચારધારાના અમલ માટે બાકીના સમાજે શુ કરવા એમાં જોડાવવું કે ઘસડાવવુ આ બધા જ પ્રશ્નો દરેકના મનમાં જાગે છે અને જેના ઉત્તરો પણ દરેકની પાસે છે. આમ છતાં આપણા દેશમાં દરેક રાજકીય પક્ષને ખબર હોય છે કે બંધનું એલાન સફળ નથી થવાનુ તેમ છતાં બંધના એલાન અપાય છે અને માની લો કે બંધનું એલાન સફળ થયું તો એનાથી પરિણામ આવી જશે અથવા પરિણામ સુધી પહોંચી શકાશે અને બંધનું એલાન નિષ્ફળ ગયું તો પ્રજા બંધના એલાનના કારણ સાથે અસંમત છે એવું તારણ કાઢી શકાશે ? બંધ એ તર્કવિહોણુ આંદોલનનું શસ્ત્ર છે. હંમેશા થાય છે તેમ જે પક્ષોએ બંધનું એલાન આપ્યું હોય તે પક્ષના કાર્યકરો શેહશરમ કે ધાક ધમકીથી વ્યાપાર વ્યવસાય બંધ કરાવે છે અને પ્રતિ પક્ષ દુકાનો ખોલાવે છે. આ ભજવાતા નાટકથી પ્રજા અને વેપારી આલમ ભારે ત્રાસ અનુભવે છે. હવે આ બંધના નાટકોમાંથી બહાર નીકળી તમામ રાજકીય પક્ષોએ કોઈ સકારાત્મક અભિગમથી પ્રજાને વાકેફ કરવી જોઈએ. બંધનો અભિગમ બદલી રાષ્ટ્રીય સંપતિને થતા નુકશાન કે ઉભા થતા પ્રજાકીય ત્રાસને બંધ કરવો જોઈએ. બંધના એલાનોને બંધ કરવાનો સમય આવી પહોંચ્યો છે.

# સ્કૂલ ઑફ ઍચિવર- કુડાસણ ખાતે શિક્ષક દિનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૬

શ્રી એસ.એસ. પટેલ એજયુકેશન ઍન્ડ ચૅરીટૅબલ ટ્રસ્ટ સંચાલિત સ્કૂલ ઑફ ઍચિવર- કુડાસણ ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૫મી જન્મ જયંતિએ અને શિક્ષક દિને સંસ્થામાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ



ધો.૧થી ૧૦ના વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલે સંસ્થા પરિવારના તમામ શિક્ષકોને અબ્રાહમ લિંકનનો પ્રેરક પત્ર એનાયત કરી સૌને પ્રોત્સાહિત કરી શુભકામના પાઠવી હતી.

બંને મીડિયમની બે ભાગમાં શિક્ષક સભા રૂપે અનુક્રમે શાળા ફોયર અને એમ્ફિથિયેટર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વર્ગ પ્રતિનિધિ બાળકોએ સંસ્થાના પદાધિકારીઓ, અધ્યાપકોને કંકુતિલકથી પૂજન કરી પુષ્પગુચ્છ અને કાર્ડ અર્પણ કર્યા હતા.

શાળાના આચાર્ય અને ઉપાચાર્યએ પ્રાસંગિક વકતવ્ય આપી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું પ્રસંગોચિત એન્કરીંગ અંગ્રેજી



મીડિયમમાં મિતેશ ડોડીયા તથા ગુજરાતી મીડિયમમાં પ્રકાશ પટેલે કર્યું હતું.



હાથ સુઝી ગયો તેમાં અહીં બતાવવા આવી ગયા... નીચે મારા પગ જો... હું ક્યાં જાઉં...

## જે.એમ. ચૌધરી સામાન્ય પ્રવાહમાં સ્વયં શિક્ષણદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

શ્રી જે.એમ. ચૌધરી સામાન્ય પ્રવાહ નોન-ગ્રાન્ટેડમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ શિક્ષકની કામગીરી બજાવી હતી. વિદ્યાર્થીઓને ભણાવ્યું. બારોટ પૂર્વી તથા મયંકે અનુભવો રજૂ કર્યા હતા.

ધોરણ-૧૧માંથી સુનિતા, રબારી જલ્પા પ્રતિભાવો વર્ણવ્યા હતા. કવીઝ કૉમ્પીટીશન યોજવામાં આવી હતી. આજના દિવસે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને પ્રથમ ડાભી મોતી, દ્વિતીય નાયક રજત, તૃતીય વાઘેલા પૃથ્વીરાજ. ઉચ્ચત્તર માધ્યમિક બારો પૂર્વ પ્રથમ, ચૌધરી કોકિલા દ્વિતીય, ગજ્જર રાજવી તૃતી સેવક તરીકે ગુર્જર પ્રદિપ તરીકે પરમાર સેજલ, વિશ્વકર્મા ખુશ્બુ આસોડિયા વિજયા ફરજ બજાવી હતી.

## એલ.ડી.આર.પી. કોલેજ ખાતે રક્તદાન કેમ્પ યોજાશે

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા આગામી ૭ સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે એલ.ડી. આર. પી. કોલેજ ખાતે રક્તદાન કેમ્પ યોજાશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તેમજ શહેરના અન્ય નાગરીકો પણ રક્તદાન કેમ્પનો લાભ લઈ શકે છે. આ રક્તદાન કેમ્પમાંથી એકત્ર થયેલ રક્તને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા થેલેસેમીયાના બાળ દર્દીઓ તેમજ અન્ય દર્દીઓના લાભાર્થે એકત્ર કરવામાં આવનાર છે.

## સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય જી.ઈ.બી. ખાતે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય જી.ઈ.બી. કોલોની ખાતે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. શિક્ષક દિન કાર્યક્રમમાં ૪૫ જેટલા ભાઈ-બહેનોએ શાળાનું શૈક્ષણિક કાર્ય સંભાળ્યું હતું. એક દિવસના આ શિક્ષકોએ પોતાની છટાથી શિક્ષકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. શ્રેષ્ઠ શિક્ષકનું ઈનામ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શિક્ષક દિનના સંયોજક તરીકે ચંદ્રિકાબેન પટેલ, જયંતિભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ સેવાઓ બજાવી હતી.

# કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ચાર પ્રાથમિક શાળાનો શિક્ષક દિન ઉજવાયો





ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ચાર પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓને આચાર્ય, શિક્ષકો અને સેવક તરીકેની સોંપવામાં આવેલી કામદીરી સફળ રીતે પૂરી કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષક દિનની ઉજવણીને વધુ સારી રીતે ઉજવવા માટે જે.બી. પ્રાથમિકશાળા, એમ.બી. પટેલ, આર.એન.પટેલ અને એસ.જી. ઈગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળાનો સંયુક્ત રીતે શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ પુષ્પગુચ્છ અને કંકુતિલક કરીને સંસ્થાના ચેરમેન, હોદ્દેદારો, આચાર્યો, શિક્ષકોને અર્પણ કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા રાધાક્રિશ્નનના જીવન પ્રસંગ પર એક નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

શિક્ષક તરીકેની શ્રેષ્ઠ કામગીરી બજાવનાર વિદ્યાર્થીઓમાં આયુષ પટેલ, શર્મીન કુરેશી, મેઘા દવે, કોમલ શર્મા, જાડેજા અજય જ્યારે સાંસ્કૃતિ કાર્યક્રમોમાં ભાગ લેનાર પ્રજાપતિ કુંજલ, પરમાર મંદિત, ગજ્જર હેમાંગી, હેતવી પટેલ, આઝા શ્રેયા, જાનવી ચાવડા, લુહાર ચિંતન, શ્રૃતિ સમીરા, માનવ પટેલ, ઓમ શુક્લને પુરસ્કાર થા પ્રમાણપત્ર વલ્લભભાઈના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુપરવાયઝર મૌલિન જોશીએ સૌને આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર રીતે પ્રફુલ્લભાી પટેલે સંચાલન કર્યું હતું. ચારેય પ્રાથમિક શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## માઉન્ટ કાર્મેલમાં અભ્યાસ કરતો ધો-૬નો વિદ્યાર્થી ગુમ

ગાંધીનગર શહેરના સેકટર ૨-સી ખાતે રહેતો અને સે-૨૧માં સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ધો-૬માં અભ્યાસ કરતો ૧૧ વર્ષનો વિદ્યાર્થી શાળા છુટયા બાદ પણ ઘરે પહોંચ્યો નથી. પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ તેના કોઈ સગડ ન મળતાં સે-૨૧ પોલીસ મથકે જઈને ગુમ થયા અંગે જાણવા જોગ નોંધાવી છે. સે-૨૧ પોલીસે વિદ્યાર્થીને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

## જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં શિક્ષણ દિનની ઉજવણી

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. ઉચ્ચતર-માધ્યમિક વિભાગની ૩૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

ટાઉનહોલમાં ગુજરાત શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિત વિતરણ કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. બાયસંગ દ્વારા પ્રસારીત કાર્યક્રમમાં શાળાકક્ષાએ કરવામાં આવ્યો હતો. શિક્ષકદિનમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીનીઓમાં રાવલ પિન્કી, ગુજરાતી પ્રાંજલ રાવલ, સામાજિક વિજ્ઞાનમાં જાન્વી પંડ્યા, રશ્મી બી. પંડયા ,ભારતી બી. ઠક્કર હેમાંગી કરેલ હતો. આચાર્યા સંતોકબેન ચૌધરીએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

# સિંગાપુરનો વિકાસ અને વડાપ્રધાનશ્રી લીં કોન યેની કુનેહ

**ચિંતન સભા**

**- પ્રા. ડૉ. રાકેશ પટેલ**

એક વખત ધર્મપ્રિય રાજાએ જાહેરાત કરી કે ધાર્મિક તો કાર્યોમાં રચ્યાપચ્યાં રહેનારે કરવેરો નહીં ભરવો પડે, પછી તો લોકો મંદિરોમાંથી બહાર જ ન નીકળતા. આખો વખત ભજન અને પ્રસાદ. બન્યું એવું કે રાજયની તિજોરીમાં ધન ખૂટવા લાગ્યું. રાજાને ચિંતા થઇ. રાજા એક પ્રજ્ઞાવાન ગુરૂને મળતા તેમણે ઉપાય બતાવ્યો; 'રાજાજી જાહેરાત કરો કે ભગવાનને મને આદેશ આપ્યો છે કે 'કાલે ભગવાનની પૂજા કરવારાઓનું તેલ કાઢીને પ્રભુને ચડાવવાનું છે તો ભાવિક ભક્તોએ સવારે આવી જવું. ' બીજા દિવસે કોઇ ભક્તો ઘરની બહાર નીકળ્યાં નહીં. અંતે રાજાએ બધા પાસેથી અગાઉનો બાકી બધો કરવેરો સાથે ભરાવ્યો.

ઉત્તમ નેતૃત્વ અંગે માર્ટીન લ્યૂથર કિંગે કહ્યું કે (A genuine leader is not a searcher for consensus but a molder of consensus : Martin Luther King Jr.) 'અસલ નેતા એ નથી જે પીછેહઠ કરે, પણ નેતા એ છે જે લોકોને પોતાની પાછળ લાવવા રાજી કરે.' વળી તેમણે ધિક્કારની રાજનીતિ અંગે ખૂબ સરસ વાત જણાવી છે. (Darkness connot Drive out darkness; only light can do that. Hate cannot dive out hate; only love can do that : Martin Luther King Jr.) 'અંધકાર દૂર કરવા પ્રકાશની જરૂર છે, ધિક્કારની નહીં.'

લીં કોન યે સૌથી લાંબો સમય સુધી સિંગાપુરના વડાપ્રધાન પદે બિરાજમાન રહ્યા. જેઓ લંડનની સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં અભ્યાસ કરી ચૂક્યા હતા. જેમને સિંગાપુરને ત્રીજા દરજ્જાના દેશમાંથી પ્રથમ કક્ષાના રાષ્ટ્ર સુધી લઇ આવ્યા. ૧૯૫૯માં તેઓ 'પીએપી' પાર્ટીના નેતા તરીકે વડાપ્રધાન બન્યા.

તેમની આ સફળતાની બીજી બાજુએ તેમને કેટલાક વિવેચકો દ્વારા 'ઓટોક્રેટીક લીડર'નું બિરૂદ આપવામાં આવેલ. છતાં, તેમણે કરેલ સિંગાપુરનો વિકાસ ને કોઇ અવગણી શક્યું નહીં. તેઓ તેમની કેટલાક સીધા અને સોંસરવા સત્ય વિચારો માટે કુખ્યાત થયાની ચિંતા નહોતા કરતા. તેઓ લોકોની નસોમાં ચાલતા વિચારોને જાણી જતા હતા. તેઓ માનતા કે સત્ય માટે મોરનાં કેટલાંક પીંછા ભલે ખરી પડતા. પણ તે સત્યની તરફેણ કરવાનું ચુકતા નહીં. તે કહેતાં કે 'કેટલાકને નાખુશ કરવાથી કોઇ ફેર પડતો નથી, પણ પરિણામ આવ્યે સૌ આપણી સાથે હોય છે.' તેમની એક ફિલસુફી જાણવા જેવી છે 'જો તમે સંગઠનને તૈયાર કર્યા વિના કામ કર્યે જશો તો નેતા તરીકે અમે નિષ્ફળ છીએ. તમારે એક એવું સંગઠન બનાવવું જોઇએ જે તમારી ગેરહાજરીમાં પણ સક્રીય રીતે સફળતાપૂર્વક કાર્ય કરે.'

**● વડાપ્રધાનના વિચાર અને ક્રિયા સંપદા**

૧. લોકોની નસોમાં ચાલતા વિચારોને જાણી જનાર

૨. આર્થિક બાબતોને પ્રાધાન્ય આપનાર

૩. વૈશ્વિક સંબંધો સાચવનાર અને દેશની આંતરિક સાવચેતીઓ રાખનાર

૪. નેતૃત્વશક્તિ અને મંત્રીઓ (ટીમ) પાસેથી કામ લઇ શકનાર

૫. વ્યક્તિત્વની ઊંચાઇ - જેનાથી પ્રેરિત થઇ બધા જ કામે લાગે

૬. નાવિન્યપૂર્ણ (ઇનોવેટીવ) અને વિકાસશીલ વિચારક જે પોતાની રીતે કાર્યને પૂર્ણ કરે

૭. મનો - શારીરિક રીતે સશક્ત

નેતાની અદ્‌ભૂત વ્યાખ્યા મેક્સ ડીપ્રીએ આપી છે. 'નેતાની પ્રથમ જવાબદારી વાસ્તવિકને ઓળખી તેને પરિણામલક્ષી બનાવવાની છે, અંતે લોકોનો આભાર માનવાનો છે, વચ્ચેના સમયે નેતા નોકર બની રહે છે.'

નેતામાં રાજકીય કુનેહ ન હોય એના કરતાં નેતા વગરનું રાજય ઘણું સારૂં. જેની પાસે આવનારા સમયનું સ્પષ્ટ દર્શન (વિઝન) હોય તે નેતાગીરીનો સાચો હકદાર ગણાય. ભારતના સંદર્ભમાં વિચારીએ તો વિવિધતા સભર સંસ્કૃતિઓનો જાણકાર અને તેને સન્માન આપનાર નેતા લોકોમાં લોકપ્રિયતા પામી શકે. દેશની સમસ્યાઓ અને સલામતીની બાબતે સ્પષ્ટ હોય એને બેધડક દેશનું સુકાન સોંપાય.

નેતાની એક લાક્ષણિકતા ઘણા નેતાઓમાં જોવા નથી મળતી અને તે છે. 'વધુ સાંભળવું અને પૂછ્યાં કરવું, નહીં કે માત્ર બોલ્યા કરવું.'

આવનારા સમયમાં ભારતીય રાજકારણમાં કર્તૃત્વવાન નેતાઓનો જયજયકાર થશે અને સિંહાસનના સાચા હકદાર તે જ બનશે. ગુજરાતે આઝાદીના જંગથી શરૂ કરી કોંગ્રેસ પક્ષ, જનતા પક્ષ અને ભાજપ પક્ષ થકી અનેક પઅદ્‌ભૂત નેતાઓ આ દેશને આપ્યા છે. ગુજરાતે દેશને પરિવર્તનની લહેર શ્રી મોરારજી દેસાઇના નેતૃત્વમાં આપી હતી. જેઓ પોતાની ઊંચે માન્યતાઓ સાથે વડાપ્રધાન બન્યાં અને જીવ્યા.

કેમ જાણે આપણને રાજકારણને ભાંડવાની ટેવ પડી ગઇ છે. હકીકતે મનોવિજ્ઞાન તો કહે છે કે જેને તમે સૌથી વધુ ધિક્કારો છો, કદાચ તેને જ તમે સૌથી વધુ ચાહતા હો! એમાં રાજકારણને ભાંડવા માટે કોઇ લાયકાતની જરૂર પડતી નથી. જેમ રાજકારણીને ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે કોઇ લાયકાત હોવી જોઇએ, તેમ તેની ચર્ચા કરવાની પણ કંઇક લાયકાત હોવી જોઇએ.

આપણે રાજકારણમાં એટલા ખાં બની ગયા છીએ કે સમાજકારણમાં પણ કારણ વગર રાજકારણને લાવી દઇએ છીએ. લાયકાત વગર પ્રમુખ કે મંત્રી બનવાની જાણે કે હોડ લાગી છે. ગામનાં સરપંચ ન બની શક્યા તો પછી, જે સરપંચ હોય તેને કામ ન કરવા દેવો, અને તેમાંથી વિકૃત આનંદ પ્રાપ્ત કરવો.

લોકશાહીની એ મજા છે કે વોટ ન આપનાર પકડાતો નથી અને આપે છે તેને કંઇ મળતું નથી. સમજે તેની વધારે જવાબદારી, બેજવાબદારને મન ફાવે તેમ બોલવાની છૂટ! કોઇ પણ ક્ષેત્રનો જવાબદાર વ્યક્તિ સમજતો હોય છે કે ચાર કે ચોવીસ માણસોને સાચવવા એટલે શું? તો પછી રાજકારણની ચોખટ ઉપર તો જાત ભાતની પ્રકૃતિના લોકોને સંભાળવા એટલે ખાવાના ખેલ છે અને એ બધાને પાછો ન્યાય આપવો લગભગ અશક્ય. છતાં પણ આ જંગમાં ઝુકાવનારને એક સલામ તો ખપે જ.

આપણા દેશની એક વિશેષતા નોંધી રાખવા જેવી છે કે આપણા જ બાંધવો એ ભલે પ્રજા હોય કે રાજા, કેટલાક જાગૃત નાગકિકો સિવાય કોઇને પોતાના વિસ્તાર કે લોકોની કંઇ પડી નથી. બસ એક જ મુદ્દાનો કાર્યક્રમ ચાલુ રાખવાનો એ એટલે ક્યાંથી પૈસા મળે છે, બીજું બધુ તો થઇ પડશે. જે સ્થાને છીએ ત્યાંથી કેવી રીતે પૈસા ખંખેરવા. જે દેશની માટીમાં ભગતસિંહ અને મહાત્મા ગાંધી થયા તેની પ્રજા આમ એકદમ સ્વાર્થમાં લેપાયમાન કેમ? તેનો જવાબ તો એવો જડે છે કે 'જે દેશનો રાજા ચોર તે દેશની પ્રજા પણ લૂંટ કરવામાં કંઇ બાકી નહીં રાખે.' જે બાળકના મા-બાપ બેદરકાર હોય તેનાં બાળકો ક્યારેક કાળજીવાળઆ ન બની શકે. જેને બાપને ક્યારેય કોઇ ગરીબ કે જરૂરિયાતવાળા વ્યક્તિને મદદ કરતા જોયા નથી તે બાળક કોઇની તકલીફને પોતાની સમજી શકવાનો નથી.

જૂના વખતમાં રાજા એ અંતિમ સત્ય બની તમારી વહારે કોઇ પણ સ્વરૂપે આવી પહોંચતો. એ જાણે તમારા બીજા મા-બાપ!

**સહુનું સત્ય...**

**'લોકોનું ભાઇ એવું ઘડીમાં એ સાવજ અને બીજી ઘડીએ કબૂતર.' : સુરેશ દલાલ**

**કેટલાકને નાખુશ કરવાથી કોઇ ફેર પડતો નથી, પણ પરિણામ આવ્યે સૌ આપણી સાથે હોય છે : લીં કોન યે**